Jansatta
January 03, 2011 | Page No: 02 | Category:

# હૃદયરોગના ઓપરેશન ઓછા દરે કરાશે

**અમદાવાદ :** કાર્ડિઓલોજીસ્ટ ડૉ. અતુલ ચોક્સીએ હૃદયરોગના ગરીબ દર્દીઓની સેવા કરવા માટે નજીવા દરે હૃદયરોગના વિવિધ ૧૦૦ ઓપરેશનો કરવાનો સંકલ્પ જાહેર કર્યો છે. ક્રિશ્રા હાર્ટ ઈન્સ્ટિટ્યૂટના સ્થાપક અને અધ્યક્ષ ડૉ. અતુલ ચોક્સીએ આજે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે અમેરિકામાં ૩૫ વર્ષની સફળ કારકિર્દી પછી હવે અહીંયા ગરીબોને હાઈટેક સેવા આપવા આવ્યો છું. હું ઘણાં વર્ષો સુધી નાણાં કમાયો છું અને હવે મારે ગરીબોની સેવા કરવી છે. ક્રિશ્રા હાર્ટ ઈન્સ્ટિટ્યૂટનો પ્રોજેક્ટ સફળ બને એ માટે તેમણે એક કરોડ ડોલરની બચત આ પ્રોજેક્ટ પાછળ વાપરી હતી. ગરીબોની સેવા કરવા માટે નજીવા દરે હૃદયરોગના ૧૦૦ ઓપરેશન કરવાની જાહેરાત કરી છે. જેમાં રૂ. ૫૦૦૦માં એન્જિયોગ્રાફી, રૂ. ૬૫૦૦૦માં એન્જિયોપ્લાસ્ટી એક બીએમએસ સ્ટેન્ટ સહિત અને રૂ. ૭૫૦૦૦માં બાયપાસ સર્જરીનો સમાવેશ થાય છે. જરૂરિયાતવાળા તમામ દર્દીઓએ અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવાની રહેશે.